અમદાવાદ-સિટીભાસ્કર 14-09-2025

**NEW POLICY** અનંત યુનિવર્સિટીમાં નવી પોલિસી કોમ્પેન્ડિયમ રજૂ કરાઈ



# ડેવલપમેન્ટ, ડિઝાઈન ક્ષેત્રે વધુ સમજ કેળવી શકાશે

## વિદ્યાર્થી, શિક્ષકો પોતાના ક્ષેત્રની સરકારી પોલિસી વધુ સારી રીતે સમજી શકે તેવો પ્રાયસ

**અમદાવાદ:** અનંત નેશનલ યુનિવર્સિટીએ પોતાની નવી પોલિસી કોમ્પેન્ડિયમ 'એન એન્થોલોજી ઓફ પોલિસીઝ ઈન ઈન્ડિયા 2.0' રજૂ કરી છે. આ પબ્લિકેશન સેન્ટર ફોર પબ્લિક પોલિસી રિસર્ચ એન્ડ ડિઝાઈન (CPRD) દ્વારા તૈયાર કરાયું છે.

તેનું લોન્ચિંગ અનંત નેશનલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ અજય પિરામલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કોમ્પેન્ડિયમનો વિચાર એ છે કે, દરેક પોલિસીનો પ્રશ્ન મૂળભૂત રીતે એક ડિઝાઈનનો પ્રશ્ન છે. ડિઝાઈન થિંકિંગના સિદ્ધાંતને પોલિસીના એનાલિસિસ, ઘડતર સાથે જોડી, પહેલ સહાનુભૂતિપૂર્ણ, સર્વસમાવેશક, અસરકારક ઉકેલ લાવવાનો પ્રયત્ન કરે છે.

આ કોમ્પેન્ડિયમમાં સરકારની 18 મહત્ત્વપૂર્ણ પોલિસીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં અર્બન ડેવલપમેન્ટ, ટેક્સટાઈલ, ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી અને ડિઝાઈન જેવા વિવિધ ક્ષેત્રોને આવરી લેવાયા છે. તેનો હેતુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પ્રોફેશનલ્સને તેમના ક્ષેત્ર સાથે જોડાયેલી પોલિસીની વધુ સારી સમજ આપવાનો છે. આ પહેલ દ્વારા અનંત નેશનલ યુનિવર્સિટી ભવિષ્ય માટે એવા પ્રોફેશનલ તૈયાર કરવા માગે છે, જે પોલિસી પર ધ્યાન આપીને આજના પડકારોને સમજી શકે અને ભારત તથા વિશ્વ માટે ઈનોવેટિવ ડિઝાઈન આધારિત ઉકેલ આપી શકે. આ પ્રસંગે પ્રોવોસ્ટ ડૉ. સંજીવ વિદ્યાર્થિ અને CPRDની ટીમ હાજર રહી હતી.